## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



હું એટલું જ કહીશ કે મેચ હારવા માટે અમારી પાસે કારણ હતાં એટલે હાર્યા...

# લેન્ડફિલ્ડ સાઈટ માટે પેથાપુર ન.પા.એ સરક્યુલર ઠરાવ કરી વિરોધ નોંધાવ્યો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાને ઘનકચરાના નિકાલ માટે લેન્ડફિલ્ડ સાઈટ પેથાપુર નજીક ફાળવવાના નિર્ણય સામે પેથાપુર નગરપાલિકાએ આજે સરક્યુલર ઠરાવ કરી અને વિરોધ પ્રદર્શિત કર્યો છે. ગાંધીનગર મનપાની લેન્ડફિલ્ડ લાઈટનો વિવાદ પાંચ વર્ષથી ચાલી રહ્યો છે અને કચરાનો નિકાલ કરવાની સમસ્યા હવે તંત્ર માટે વધતી જાય છે. જિલ્લાતંત્રએ ભારે મહેનત બાદ પેથાપુર નજીક જગ્યા શોધી પણ હવે નગરજનો બાદ નગરપાલિકાએ પણ વિરોધ નોંધાવતાં મામલો વધુ એક વખત ઘોંચમાં પડ્યો છે.

આથી પેથાપુર નગરપાલિકા દ્વારા સરક્યુલર ઠરાવ કરી નક્કી કરવામાં આવે છે કે, ગાંધીનગર મહાનગરપાલિકાને ઘનકચરાના નિકાલ માટે લેન્ડફીલ્ડ સ્થળ બનાવવાના કામે મોજે પેથાપુર, તા. જી. ગાંધીનગરના સર્વે નંબર ૩૦૫૩ની આશરે ૧,૫૦,૦૦૦ ચો.મી. જમીન નીમ કરવામાં આવનાર છે. તે બાબતે પેથાપુર નગરપાલિકાનો સખત વાંધો છે. કારણ કેસદર સાઈડ પેથાપુર સાબરમતી નદીને અડીને સખડેશ્વર મહાદેવ અને ગામતળ વચ્ચે આવેલ છે તેમજ ઘન કચરાનો નિકાલ થનાર હોવાથી પેથાપુર નગરની જન સુખાકારીને અડચણ થાય તેમ છે. તેમજ જાહેર પ્રદૂષણ થાય તેમ છે. પર્યાવરણને પણ અસર થાય તેમ છે. તેમજ લેન્ડફીલ્ડ સાઈડ તૈયાર થવાથી આશરે ૧૦ હજાર જેટલા વૃક્ષોનું નિકંદન નીકળી જાય તેમ હોઈ સદરહુ પેથાપુર ખાતે લેન્ડફીલ્ડ સાઈડ બનાવવા સામે પેથાપુર નગરપાલિકાને વાંધો હોઈ લેન્ડફીલ્ડ સાઈડ પેથાપુર ખાતેની જગ્યાને બદલી અન્યત્ર ફાળવવા આજરોજ સરક્યુલર ઠરાવ કરેલ છે. ઠરાવ સાથે સંમતિ આપનાર સદસ્યની સહીઓ કરેલ છે. ઠરાવ સર્વોનુમતે મંજુર કરવામાં આવે છે.



ગાંધીનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન મનુભાઈ પટેલે પૂર્વ ભાજપના કોર્પોરેટર પરાગીબેન પંડયાની દીકરીને બિભસ્ત ગાળો બોલી અપમાનિત કરી. તેમજ કર્મચારીને મારી નાખવાની ધમકી આપીને અપમાનિત કર્યા. જેને સમસ્ત બ્રહ્મસમાજે સખત શબ્દોમાં વખોડી નાખીને સમસ્તના મંત્રી અશ્વિન ત્રિવેદી, યુવા અગ્રણી દિવ્ય ત્રિવેદી તેમજ બ્રહ્મ અગ્રણી પ્રદીપ રાવલ હજાર રહીને મીડિયા સમક્ષ મનુભાઈ પટેલ બ્રહ્મસમાજની માફી માંગે તેવી માગણી માંગી છે નહીં તો સામાજિક ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# દહેગામના મહાદેવપુરામાં દેશી દારૂના અડ્ડા પર એલસીબીનો દરોડો

## ૨૫ લીટર દેશી દારૂ સાથે દારૂ ગાળતા બુટલેગરને પકડી પાડયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ દહેગામ પોલિસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવી દહેગામ પોલિસને નિલકંઠ મહાદેવના છાપરામાં રહેતા ભૂપેન્દ્ર ઉર્ફે અબ્દુલ મહેશ ઠાકોર



વિસ્તારમાં આવેલા મહાદેવપુરા ખાતે દેશી દારૂની ભઠ્ઠી ચાલતી હોવાની બાતમી ગાંધીનગર એલસીબીને મળતા એલસીબીની ટીમે દરોડો પાડી એક શખ્સને ૨૫ લીટર દેશી દારૂ સાથે દબોચી લીધો હતો. એલસીબીએ તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરીને તપાસ સોંપી છે.

એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની સુચનાથી પીએસઆઈ એચ.કે. સોલંકી તથા તેમની ટીમ દહેગામ પંથકમાં પેટ્રોલીગમાં હતી તો દરમિયાન કોન્સ્ટેબલ ભૌમિકકુમારને બાતમી મળી હતી કે દહેગામ મહાદેવપુરા ખાતે પોતાના ઘરે દેશી દારૂ ગાળવાની પ્રવૃત્તિ કરે છે તેને આધારે ટીમે દરોડો પાડી ૨૫ લીટર દેશી દારૂનો જથ્થો પકડી પાડી દારૂ ગાળતા બુટલેગર ભુપેન્દ્ર ઉર્ફે અબ્દુલ ઠાકોરની સામે ગુનો નોંધી ધરપકડ કરી લઈ દહેગામ પોલિસને વધુ તપાસ અર્થે સોંપી દીધો છે.

# ભાજપના રણનીતિકારોની સરકાર સમક્ષ રજૂઆત ચર્ચાનો મુદો

આજે મનપાની સભામાં વિપક્ષની આક્રમકતાને ખાળવામાં નિષ્ફળ નિવડેલા ભાજપના રણનીતિકારોએ સરકારને પણ ગેરમાર્ગે દોરતાં શહેરમાં ભાજપની આકરી ટીકા લોકોની ચર્ચાનો મુદ્દો બની ઉભરી હતી.

ભાજપના તમામ સભ્યો નાયબ મુખ્યમંત્રીને મળવા ગયા હતા અને તંત્રના અધિકારીઓ એક તરફી રહ્યાની વાતો કરી હતી.

કોંગ્રેસ દ્વારા કરાયેલી પ્રતિકાત્મક તાળાબંધી પછી ચાવી આપી દેવાયા પછી પણ તાળુ નહિ ખોલવા દેનાર ભાજપના કાઉન્સીલરોએ ગૃહ રાજયમંત્રીને ફોન કરી રક્ષણ આપવા માંગ કરી હતી.

આ દરમિયાન ડે. મ્યુનિ. કમિશનર તેમજ ફાયરના કર્મચારીઓએ તાળુ ખોલવાના પ્રયાસો કર્યા ત્યારે અટકાવવામાં આવ્યા હતા. આ પછી ગૃહમંત્રીની સૂચનાને પગલે ડીવાયએસપી આવી પહોંચ્યા હતા અને તેમણે તાળુ તોડી નાંખ્યુ હતું.

ભાજપના આગેવાનોએ એક તરફી વાતો કરી સરકારને ગુમરાહ કરી હોવાની વાતો લોકજીભે ચર્ચાઈ રહી છે. આ અંગે પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે. જો કે ભાજપના રણનીતિકારો આજે તમામ મોરચે નિષ્ફળ રહ્યા હતા.

# ગુજરાત વ્યાયામ હિત રક્ષક સમિતિ દ્વારા મુખ્યમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૨૦

રાજયની શાળાઓમાં એક દાયકાથી વ્યાયામ, કલા અને સંગીત શિક્ષકોની ભરતી કરાઈ નથી. ટાટ પાસ ઉમેદવારો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. રાજય સરકાર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ યોગ્ય ઉકેલ ન આવતા ઉમેદવારોમાં રોષ ફેલાયો છે. રાજયમાં ૧૦ હજારથી વધુ શિક્ષિત બેરોજગાર ઉમેદવારો હોવા છતા સરકારના પેટનું પાણી હલતું નથી. દર વખતે સરકાર દ્વારા અમારી રજુઆતને નજર અંદાજ કરાય છે અને હજુ સુધી વ્યાયામ શિક્ષકોને રોજગારી પુરી પાડી નથી. ત્યારે તાજેતરમાં રાજયના મુખ્યમંત્રી, ડે.મુખ્યમંત્રી, અને શિક્ષણમંત્રીને આવેદનપત્ર આપી વ્યાયામ, સંગીત-કલાના શિક્ષકોની ભરતી કરવા માંગ કરી છે. જો સરકાર દ્વારા યોગ્ય નિર્ણય ટુંક સમયમાં નહીં લેવામાં આવે તો ઉમેદવારો પોતાની ડીગ્રી અને ટાટ પાસ માર્કશીટનું દહન કરશે અને આગામી વિધાનસભાની ચુંટણી બહિષ્કાર કરવાની ચિમકી પણ ઉમેદવારોએ ઉચ્ચારી છે.

સરકારના એ.સી.ઈ.આર.ટી ના નિયમ મુજબ બી.એડ ની સમકક્ષ પી.પી.એડ.-ડી.પી.એડ. અને પી.ટી.સી. સમકક્ષ સી.પી.એડ.-એ.ટી.ડી.ગણવામાં આવે છે. અને આર.ટી.ઈ. ૨૦૦૯ ની કલમ ૨૪-૨૫ના નિયમ મુજબ જે શાળામાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હોય ત્યાં વ્યાયામ અને ચિત્રના શિક્ષકોની નિમણુંક કરવામાં આવે તેવું જણાવાયું છે. ગુજરાત રાજય સિવાય અન્ય રાજયમાં નિયમ મુજબ ભરતી પક્રિયા કરવામાં આવે છે. પરંતુ રાજયની પ્રાથમિક શાળાઓમાં હજ્જારો વ્યાયામ શિક્ષકોની ખાલી જગ્યા ભરાતી નથી ત્યારે બીજીતરફ તંત્ર ખેલ મહાકુંભના નામે કરોડો રૂપીયાનો ખર્ચ કરે છે. સરકાર દ્વારા વ્યાયામ શિક્ષકોની ભરતી ટુંક સમયમાં નહીં કરવામાં આવે તો ઉમેદવારો માર્કશીટનું દહન કરશે અને આગામી વિધાનસભાની ચુંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે. જયારે અન્ય રાજયમાં વ્યાયામ, સંગીત-કલાના શિક્ષકોની ભરતી કરવામાં આવે છે.તો ગુજરાત માં જ વિલંબ શા માટે તે ઉમેદવારોને સમજાતુ નથી.ત્યારે શાળામાં વ્યાયામ શિક્ષકોના અભાવે બાળકો ઉપરોક્ત વિષયોના શિક્ષણથી વંચિત રહે છે. ત્યારે ગુજરાત વ્યાયામ હિત રક્ષક સમિતિ દ્વારા રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવી આ અંગે યોગ્ય કરવા રજુઆત કરી છે.

# વરસોડા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે જનકબા ચાવડા



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના વરસોડા ગામની તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદના ઉમેદવાર જનકબા કેશરીસિંહ ચાવડાનો પ્રચંડ બહુમતિથી જવલંત વિજય પ્રાપ્ત કરેલ છે. તેમજ તેમની પેનલનો ભવ્ય વિજય થયો છે.

# પોઝિટિવ મિડિયા દ્વારા પત્રકારત્વનો અભ્યાસક્રમ શરૂ કરાયો : લેખન પર સવિશેષ ભાર અપાશે

ગાંધીનગર, તા. ૨૦

મિડિયામાં કારકિર્દી બનાવવા ઉત્સુક યુવાનોને મિડિયા શિક્ષણ અને તાલીમ આપી શકાય તે હેતુથી પોઝિટિવ મિડિયાએ પત્રકારત્વનો છ મહિનાનો અભ્યાસક્રમ શરૂ કર્યો છે. દરરોજ સાંજે ૬.૩૦ થી ૮.૦૦ દરમિયાન ચાલનારા આ અભ્યાસક્રમનું સંચાલન જાણીતા પત્રકાર અને તંત્રી રમેશ તન્ના કરશે.

પોઝિટિવ મિડિયાના સ્થાપક રમેશ તન્ના પત્રકારત્વના શિક્ષણનો ૨૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે આ અભ્યાસક્રમમાં અખબારો, ફિલ્મ, રેડિયો, ટી.વી., સોશિયલ મિડિયા ઉપરાંત ફોટોગ્રાફી તથા જાહેરખબર અને જનસંપર્ક જેવા વિષયોને આવરી લેવાશે. મિડિયાના વિવિધ સ્વરૂપો માટે જરૂરી લેખન સજ્જતા પર સવિશેષ ધ્યાન અપાશે.

આ અભ્યાસક્રમમાં પ્રેક્ટીકલ તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કરાશે તથા મિડિયા જગતના તજજ્ઞોનો વિઝિટિંગ ફેકલ્ટી તરીકે લાભ લેવાશે. વધુ માહિતી માટે મો. નં. ૯૮૨૪૦-૩૪૪૭૫ અથવા ઈ-મેઈલ : rameshptanna@gmail.com પરં સંપર્ક કરવો.

# આજે સેન્ટ્રલ વિસ્ટા ખાતે અનોખી સંગીત પરેડ યોજાશે

## ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી એનીટાઈમ મસ્તી ફાઉન્ડેશન દ્વારા વિશ્વ સંગીત દિવસની સંગીતમય ઉજવણી કરાશે : શહેરના પ્રખ્યાત કલાકારો તથા ઓરકેસ્ટ્રા નગરજનોને ડીજેના તાલે ડોલાવશે

ગાંધીનગર, તા. ૨૦

ન્યુ ગાંધીનગરની એની ટાઈમ મસ્તી (એટીએમ) કલ્ચરલ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા તા. ૨૧મી જૂન વિશ્વ સંગીત દિવસ નિમિત્તે 'સંગીત પરેડ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ફરતે સાંજે ૪.૩૦ કલાકે ગાંધીનગરની કલા-સંસ્કૃતિ સાથે જોડાયેલી સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓના કલાકારો ગીત-સંગીત સાથે પરેડ કરશે તેમજ ૬.૩૦ કલાકે તેમની મુખ્ય કલાકૃતિઓને રજૂ કરતો મંચ નિદર્શન કાર્યક્રમ યોજાશે.

સમગ્ર વિશ્વમાં તા. ૨૧મી જૂનને 'વર્લ્ડ મ્યુઝિક ડે' તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ સંગીત દિવસના ઉપક્રમે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી ઘ-૪ સર્કલ નજીક સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે મ્યુઝિક પરેડનું આયોજન એનીટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું છે. આ પ્રકારની અનોખી મ્યુઝિક પરેડ કદાચ પાટનગરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર યોજાઈ રહી છે જેમાં શહેરની કલા-સંસ્કૃતિ સાથે સંકળાયેલી તમામ સંસ્થાઓ, શાળા-કોલેજો, સમૂહો તથા વ્યક્તિગત કલાકારો જોડાશે અને સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનની ફરતે ફરીને નૃત્ય-સંગીત તથા ગાયકીની પ્રતિભાનું નિદર્શન કરશે. માત્ર આટલુ જ નહી પરંતુ મ્યુઝિક પરેડ બાદ આ કલાકારો સંસ્થાઓ તેમની મુખ્ય કલાકૃતિઓનું મંચ પર નિદર્શન કરશે. સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ફરતે પ્રદક્ષિણા કરતા રજૂ થનાર ગીત-સંગીતની પરેડના કારણે સમગ્ર વાતાવરણ આહ્લાદક બની જશે. આ કાર્યક્રમમાં ડીજેના તાલે સુપ્રસિદ્ધ ઓરકેસ્ટ્રાના સાજીંદાઓ તથા પ્રોફેશનલ સીંગર્સ તેમની કૃતિઓના તાલે નગરજનોને ડોલાવશે. આ કાર્યક્રમનો લ્હાવો માણવા શહેરની કલાપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યુંછે.




## જિલ્લા ભાજપ રામનાથ કોવિંદની પસંદગીને ફુલડે વધાવે છે

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જીલ્લા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે. દલિત નેતા રામનાથ કોવિંદને ભારતીય જનતા પાર્ટીએ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર કર્યા તે અનુસંધાને ભારતીય જનતા પાર્ટી શ્રી કમલમ ગાંધીનગર કાર્યાલય ખાતે જીલ્લાના દલિત આગેવાનોમાં આનંદની અંતે ગૌરવની લાગણી અનુભવે છે. એક દલિત સમાજના આગેવાનને રાષ્ટ્રપતિ પદનું સ્થાન મળે તે ભારતીય જનતા પાર્ટીની વર્ષોજુની પરંપરા દર્શાવે છે. જીલ્લા કમલમ ખાતે દલિત આગેવાન નરસિંહભાઈ પરમાર, ખોડીદાસ પરમાર, સુરેશભાઈ સેનવા, આકાશભાઈ રાઠોડ વિગેરે આગેવાનોએ જીલ્લાના પદાધિકારીઓને પેંડા ખવડાવી મોઢુ મીઠુ કરાવ્યું હતું તેમજ આનંદની લાગણીઓ ફટાકડા ફોડી પ્રસંગને દિપાવ્યો હતો. આ પ્રસંગે જીલ્લા પ્રમુખ નૈલેષભાઈ શાહ, મહામંત્રી આઈ.બી.વાઘેલા, અનિલભાઈ પટેલ , ગાંધીનગર મહાનગર પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મેયર પ્રવિણભાઈ પટેલ, કારોબારી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ તેમજ જીલ્લા અને ગાંધીનગર તાલુકા મંડળના પદાધિકારીઓ હાજર રહ્યાં હતા.

# રતનપુરના ખોડિયારનગરમાં પાણી ન મળતાં તંત્રને ફરિયાદ કરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર તાલુકાના રતનપુર ગામના પરા તરીકે ઓળખાતા ખોડિયારનગર વિસ્તારમાં છેલ્લા બે માસથી અપાતા અનિયમિત પેયજળના પુરવઠાની ફરિયાદ આ વિસ્તારના રહીશોએ આજે જિલ્લા પંચાયત આવી કરી હતી.

૧૦૦ જેટલા ઘરો ધરાવતા આ વિસ્તારના ૧૦૦થી પણ વધુ મહિલાઓ અને પુરૂષોએ આજે જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીને મળી રજુઆત કરી ન્યાય અપાવવા વિનંતી કરી હતી.

# આજે વર્ષનો લાંબામાં લાંબો દિવસ

ગાંધીનગર, તા. ૨૦

સૂર્યનો ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત્ત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદન બિંદુને સપાત દિવસ કહેવામાં આવે છે. તા. ૨૧મી જૂન બુધવાર દક્ષિણાયન થશે. ભારતના લોકોએ માર્ચની તા. ૨૦-૨૧ એમ બે દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો. બુધવાર તા. ૨૧મી જુન લાંબામાં લાંબો દિવસનો લોકો અનુભવ કરશે.

સૂર્ય ઉત્તર તરફ ખસતો જતા ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટુંકી થતી જાય છે. તેના કારણે તા. ૨૧મી જૂને લાંબામાં લાંબો દિવસ એટલે કે રાજકોટ-અમદાવાદ દિવસ ૧૩ કલાક ૩૦ મિનિટ રાત્રિ ૧૦ કલાકની રહેશે. તા. ૨૨મી જૂનથી ક્રમિક રીતે દિવસ સેકન્ડના તફાવતને પ્રમાણે ટુંકો અને રાત્રિ લાંબી થતા જોવા મળશે. ભારતમાં સૂર્યોદય-સૂર્યાસ્ત પ્રમાણે સ્થળોએ સેકન્ડ-મિનિટના તફાવતથી ફેરફાર દિવસ-રાત્રિ જોવા મળશે.

૨૧મી જૂન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણાયાન કહેવામાં આવે છે. દિવસ-રાતની લંબાઈ ચંદ્રની દિશા ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્યને પરિભ્રમણ ગતિ વિગેરે પરિબળો પર આધારિત હોય છે જે સતત બદલાતા રહે છે.

પૃથ્વી પોતાની ધરી ૨૩.૫ ને ખુણે નમેલી હોય છે. પૃથ્વીનું માથું દક્ષિણ અને ઉત્તર તરફ નમેલું હોવાના કારણે પૃથ્વીવાસીઓને ગરમી અને ઠંડી વિવિધ આબાહવાનો અનુભવ સૂર્યના કિરણોના કારણે જોવા મળે છે.

# જમીન રિ-સરવેની કામગીરી બે માસમાં પૂર્ણ કરવા મહેસૂલ મંત્રીની તાકિદ

ગાંધીનગર, તા. ૨૦

જમીનના રિ-સરવે અને મહેસૂલ સંબંધી દસ્તાવેજોમાં ક્ષતિ સુધારણાની પ્રક્રિયાને હજી પણ વધુ ઝડપી બનાવી આગામી માસમાં પૂર્ણ કરવા મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વહીવટીતંત્રને તાકિદ કરી છે. આજે ગાંધીનગર ખાતે અધિક નિવાસી કલેકટરોની યોજાયેલી બેઠકમાં જમીનના રિસરવેની જિલ્લાવાર કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી. મહેસૂલ મંત્રીએ આ કામગીરીમાં કયાંય પણ ક્ષતિ ન રહે અને ખાતેદારને રિસરવે અંગે પૂર્ણ સંતોષ થાય એ પછી જ આખરી ઓપ આપવામાં આવે તેવી સૂચના પણ આપી હતી.

ક્ષતિ સુધારણા અને રિસરવેની કામગીરી અંગે લાભાર્થીની વાંધા અરજી કે કોઈ રજૂઆતો આવે ત્યારે તેના ઝડપી ઉકેલની જરૂરિયાત પર પણ મહેસૂલ મંત્રીએ ખાસ ભાર મૂકયો હતો. ચુડાસમાએ જણાવ્યું હતુ કે ક્ષતિ સુધારણા અને જમીન રિસરવેની કામગીરીને એક ઝૂંબેશ તરીકે અપનાવાય તો આ બંને કામગીરીને ઝડપભેર પૂર્ણ કરી શકાશે. નિશ્ચિત સમય મર્યાદામાં આ બંને કામગીરી પૂર્ણ થાય તે જરૂરી છે.

આ બેઠકમાં યુ.એલ.સી. સૂચિત સોસાયટી સંબંધી કામગીરી ઉપરાંત ગામતળની જમીન નીમ કરવાની તથા નવી શરત-જુની શરત સંબંધી કામગીરીની પણ સમિક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત ૩ માસ ઉપરની બાકી નોંધો, એસ.આઈ.ટી.ની બાકી અરજીઓ ગણોતધારાની કલમ-૩૨ અન્વયે ગણોતિયાને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત લંબાવવી, વાડા લેન્ડ વિનિયમિત કરવાની કામગીરી, બિન ખેતીની પરવાનગી વગર નોંધાયેલ સૂચિત સોસાયટીઓ પરિવર્તનિય વિસ્તારના પૂરક મહેસૂલ સેટલમેન્ટ દાખલ કરવા અંગેની જે તે જિલ્લામાં ચાલી રહેલી કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી.

# સેકટરોના આંતરિક રસ્તાઓથી નાગરિકો ત્રાહિમામ : શહેર વસાહત મહાસંઘનો આક્રોશ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના નવ વિકસિત સેકટરો ૧થી ૮ના વસાહતીઓના અવરજવર માટેના આંતરિક જાહેર રોડ રસ્તાઓ છેલ્લા કેટલાય વર્ષોથી રીસરફેસ કરવામાં આવેલ નથી. આંતરિક રસ્તાઓ ધોવાઈ, તુટીને ખાડવાળા બની ગયેલ છે જાણે કે મગરની પીઠ સમાન થયેલ છે જેનાથી નાગરિકોને કમરના દુઃખાવા થાય છે. વાહનોને આ રસ્તાઓ પર ચલાવતાં નુકશાન થાય છે. વળી અંધારામાં ખાડાવાળા રસ્તાઓને લીધે નાગરિકો પણ પડી જવાનો ભય રહેલો છે.

ગાંધીનગરના વીઆઈપી રોડ ખ, ઘ, ચ, જ, ગ, છ રોડના રસ્તાઓ વ્યવસ્થિત છે પરંતુ સેકટરોના આંતરિક રસ્તાઓની મરામત કરવામાં આવતી નથી. સરકારી વેરાઓ નાગરિકો ભરે છે પરંતુ સવલત મળતી નથી તો સત્વરે આ રસ્તાઓ રીપેર થાય તેવી કેશરીસિંહ બિહોલા-પ્રમુખ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘે માંગણી કરેલ છે.

# બટાટા અને ડુંગળી પકવતાં ખેડૂતોને એક કિલો દીઠ રૂ. ૧ અને એક કટ્ટા દીઠ ૫૦ની સહાય

ગાંધીનગર, તા. ૨૦

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, કિસાનોના હિતને વરેલી ગુજરાત સરકાર કિસાનો માટે અનેકવિધ નિર્ણયો અને યોજનાઓ બનાવીને કરોડો રૂપિયાની સબસીડી ચુકવે છે. રાજય સરકાર હંમેશા ખેડૂતોને મદદરૂપ થતી આવી છે. ખેડૂતોને વધુમાં વધુ સિંચાઈનું પાણી મળે, સસ્તા દરે અને સમયસર વીજળી પુરતા પ્રમાણમાં મળી રહે તથા ખેડૂતોને કૃષિ મહોત્સવના માધ્યમ દ્વારા અદ્યતન ટેકનોલોજી દ્વારા માર્ગદર્શન પણ પુરુ પાડવામાં આવે છે. સાથે સાથે ખેડૂતો ઓછા પાણીએ વધુ ઉત્પાદન મેળવે તે માટે ટપક સિંચાઈનો ખેડૂતો વધુને વધુ ઉપયોગ કરતા થાય તે માટે ૮૦ ટકા સુધીની ફાળવણી રાજય સરકાર આપે છે. અને જયારે જયારે ખેડૂતોને પોષણક્ષમ ભાવો ન મળે ત્યારે ટેકાના ભાવે પાકની ખરીદી પણ કરે છે. આ વર્ષે પણ કપાસ, મગફળી, તુવર જેવા પાકોના જયારે ભાવ ઘટયા ત્યારે રાજય સરકારે ભારત સરકારના સહયોગથી ખેડૂતોના માલની વ્યાજબી કિંમત મળે તે માટે ખરીદી પણ કરાવી છે.